# એચ.એસ.ઈ.નાં સાચાં ટેલિફોન સર્વે કેવી રીતે ઓળખવાં
# How to identify genuine HSE telephone surveys

## જો મને કામ પર અથવા ઘરે અચાનક કોઈનો ફોન આવે જેમનું કહેવું હોય કે તેઓ એચ.એસ.ઈ. વતી આરોગ્ય અને સુરક્ષા (હેલ્થ એન્ડ સેફટી)ને લગતું સર્વેક્ષણ કરી રહ્યાં છે, તો શું હું તેમના સવાલોના જવાબ આપવા માટે બંધાયેલો/બંધાયેલી છું?

એચ.એસ.ઈ. દ્વારા કરવામાં આવતાં વ્યક્તિગત લોકોનાં બધાં જ સર્વે સ્વૈચ્છિક હોય છે અને તમે જવાબ આપવા માટે બંધાયેલાં નથી. જો કોઈ સંસ્થા એચ.એસ.ઈ. વતી તમારો સંપર્ક કરે, તો કદાચ આશરે જ પસંદ કરવામાં આવતાં લોકોની પ્રક્રિયાના ભાગ તરીકે તમારો સંપર્ક કરવામાં આવ્યો હોય એવું બની શકે. એચ.એસ.ઈ.નાં સર્વે આમ તો સ્વૈચ્છિક હોય છે, પરંતુ બને તેટલાં વધારે લોકો તેમાં ભાગ લેવાની હા પાડે તો તે મદદરૂપ નીવડે છે, જેથી અમે લોકોનાં મંતવ્યો અને અનુભવોનું સચોટ ચિત્ર બનાવી શકીએ છીએ. એચ.એસ.ઈ અમુક અમુક સમયે સર્વેક્ષણો કરાવે છે, જેથી બીજી કોઈ જગ્યાએથી ન મળી શકે તેવી અગત્યની માહિતી તેઓ મેળવી શકે અને તેનાથી અમને ગ્રેટ બ્રિટનમાં આરોગ્ય અને સુરક્ષાનાં સર્વોચ્ચ ધોરણો જાળવવામાં મદદ થઈ શકે.
સર્વેનો જવાબ આપવામાં તમે ફાળવેલા સમય બદલ એચ.એસ.ઈ. તમારો આભાર માને છે અને તમે મદદ કરી શકો તેવો આ એક અગત્યનો રસ્તો છે.

## એચ.એસ.ઈ. દ્વારા અધિકૃત રીતે કયા સર્વે કરાવવામાં આવે છે?

કામનાં સ્થળો પરનાં જોખમો ઉપર યોગ્ય રીતે નિયંત્રણ રાખવામાં આવે છે તેની ખાતરી કરવાના પોતાના ધ્યેયના એક ભાગ તરીકે એચ.એસ.ઈ. અનેક જુદાં જુદાં પ્રકારનાં સર્વે કરાવે છે. આગામી અમુક વર્ષો દરમ્યાન એચ.એસ.ઈ. રાષ્ટ્રિય સર્વેક્ષણોની એક મોટી શ્રેણી (ઘર અને કામના સ્થળે કરવામાં આવનારાં ટેલિફોન સર્વે સહિત) સ્પોન્સર કરી રહ્યું છે. આ સર્વે, બ્રિટનમાં કામનાં સ્થળો પર આરોગ્ય અને સુરક્ષાનો વહીવટ કેવી રીતે કરવામાં આવી રહ્યો છે અને એચ.એસ.ઈ.ના કાર્યક્રમો કેવું કામ કરી રહ્યાં છે તેનો બહેતર ખ્યાલ મેળવવા માટે બનાવવામાં આવ્યાં છે. તેનાથી એચ.એસ.ઈ.ને ખબર પડશે કે શું કામ કરી રહ્યું છે અને શું નથી કરતું અને શા માટે.

- MORI FIT3 survey.